ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

વડોદરા-છોટાઉદેપુર

૬ | શનિવાર ૭ નવેમ્બર, ૨૦૨૬ | છોટાઉદેપુર | ડભોઈ | સાવલી | કરજણ | બોડેલી | ક્વાંટ | નસવાડી

ડભોઇના મહુડી ભાગોળ બહારના ૨૧ નંબરના ફાટક પર બ્લોક, રબર અને ખાડા યથાવત્

ડભોઈ મહુડી ભાગોળ રેલ્વે ફાટક સમારકામ બાદ વાહન ચાલકો માટે આફત

ટ્રેકનું કામ પૂરું થયું, રસ્તાની મરામત કરવાનું તંત્ર ભૂલ્યું

(પ્રતિનિધિ) ડભોઈ, તા.૬

ડભોઈના મહુડી ભાગોળ બહાર આવેલા 21 નંબરના રેલવે ફાટકનું સમારકામ પૂર્ણ થયા બાદ પણ રસ્તાની યોગ્ય મરામત કરવામાં નહીં આવતા વાહનચાલકો માટે મુશ્કેલી ઊભી થઈ છે. ફાટક પરથી પસાર થતા માર્ગ પર મોટા બ્લોક, રબરના ટુકડા અને ખાડા રહી જતા વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. ખાસ કરીને ટુ-વ્હીલરચાલકો માટે આ રસ્તો જોખમી બન્યો છે.

રેલવે પ્રશાસન દ્વારા 1 નવેમ્બરથી 5 નવેમ્બર સુધી સતત પાંચ દિવસ રાત્રે 11થી વહેલી સવારે 5 વાગ્યા સુધી આ રેલવે ફાટક સમારકામ માટે બંધ રાખવામાં આવ્યું હતું. આ દરમિયાન રેલવે ટ્રેક અને ફાટકને લગતી વિવિધ કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ ફાટક પરથી ભારદારી વાહનોની અવરજવર ઉપરાંત પ્રતાપનગરથી છોટાઉદેપુર અને મધ્યપ્રદેશ તરફ જતી રેલવે ટ્રેનો પણ દિવસ



દરમિયાન સાત વખત પસાર થાય છે. સતત ટ્રાફિક અને ટ્રેનોની અવરજવરને કારણે ટ્રેક પર દબાણ આવતું હોવાથી સમયાંતરે સમારકામ જરૂરી બને છે.

સમારકામ દરમિયાન બે પાટા વચ્ચે ભરાઈ ગયેલી માટી, મેટલ અને કચરો દૂર કરવા, ફાટકના કેબલ બદલવા તેમજ રેલવે ટ્રેકને સ્લીપર સાથે મજબૂત રીતે જકડી રાખતા ખીલા, હૂક અને સ્લીપર બદલવાની કામગીરી માટે રસ્તો ખોદવામાં આવ્યો હતો. જોકે, ટ્રેકનું સમારકામ પૂર્ણ થયા બાદ રસ્તાનું યોગ્ય રીતે સમારકામ કરવામાં આવ્યું નથી.

પરિણામે ફાટક પરથી પસાર થતા વાહનચાલકોને ઉબડખાબડ રસ્તા અને ખાડાઓમાંથી પસાર થવાની ફરજ પડી રહી છે. રેલવે તંત્રએ ટ્રેકની કામગીરી તો પૂર્ણ કરી, પરંતુ રસ્તાની દુરસ્તી અંગે બેદરકારી દાખવતા સ્થાનિક વાહનચાલકોમાં નારાજગી જોવા મળી રહી છે. અકસ્માત સર્જાય તે પહેલાં તંત્ર દ્વારા તાત્કાલિક રસ્તાની મરામત કરવામાં આવે તેવી માગ ઊઠી છે.

દિવાળીએ ત્રણ કેદીઓને ૧૫ દિવસની પેરોલ

પરિવાર સાથે દિવાળી ઉજવવા 15 દિવસની પેરોલ મળતાં કેદીઓ ભાવુક થયા

(પ્રતિનિધિ) ભરૂચ, તા. 6

દિવાળીના તહેવાર નિમિત્તે ભરૂચ જિલ્લા જેલમાં સજા ભોગવી રહેલા ત્રણ પાકા કામના કેદીઓને પરિવાર સાથે તહેવાર ઉજવવાનો લ્હાવો મળ્યો છે. રાજ્ય સરકારની જોગવાઈ અંતર્ગત ત્રણેય કેદીઓને 15 દિવસની પેરોલ રજા મંજૂર કરવામાં આવી હતી.

જિલ્લા મેજિસ્ટ્રેટના હુકમ અનુસાર ધનતેરસના દિવસે એટલે કે 6 નવેમ્બરના રોજ તેમને જેલમાંથી મુક્ત કરવામાં આવ્યા હતા. રાજ્ય સરકાર દ્વારા કેદીઓના કલ્યાણ અને સામાજિક પુનઃસ્થાપનના હેતુથી વિશેષ નિર્ણય લેવામાં આવ્યો છે, જે અંતર્ગત નિયમો અને શરતોને આધીન મહિલા કેદીઓ તેમજ 60 વર્ષ કે તેથી વધુ વયના પુરુષ કેદીઓને 15 દિવસની પેરોલ રજા આપવાની જોગવાઈ કરવામાં આવી છે.

આ નિર્ણયના ભાગરૂપે ભરૂચ જિલ્લા જેલના ત્રણ કેદીઓને પણ પેરોલનો લાભ મળ્યો છે. જેલના ઈન્ચાર્જ અધિક્ષક એન.પી. રાઠોડે તેમને દિવાળી અને નવા વર્ષની શુભેચ્છા પાઠવી હતી. લાંબા સમયથી પરિવારજનોથી દૂર રહેતા આ કેદીઓ પેરોલ મળતાં ભાવુક બની ગયા હતા.

ડીડીઓના હુકમ છતાં સરકારી રસ્તા પરથી દબાણ દૂર ન થતાં ગ્રામજનોમાં રોષ

પોઈચામાં લેક્ટોસ ઈન્ડિયા કંપનીના પાર્કિંગ દબાણનો આક્ષેપ, રજૂઆત છતાં કાર્યવાહી નહીં

(પ્રતિનિધિ) સાવલી, તા.6

સાવલી તાલુકાના પોઈચા (રા) ગામે આવેલી લેક્ટોસ ઈન્ડિયા પ્રાઇવેટ લિમિટેડ કંપની દ્વારા સરકારી રસ્તા પર વર્ષોથી ગેરકાયદે પાર્કિંગ કરીને દબાણ કરવામાં આવતું હોવાના આક્ષેપ સાથે સ્થાનિકોમાં રોષ ફેલાયો છે. આ મામલે મુખ્યમંત્રી અને રાજ્યપાલ સહિત ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરાઈ હતી. જિલ્લા વિકાસ અધિકારીએ દબાણ દૂર કરવા હુકમ કર્યો હોવા છતાં કોઈ કાર્યવાહી ન થઈ હોવાનો આક્ષેપ ગ્રામજનો કરી રહ્યા છે.

ફાર્માસ્યુટિકલ્સ પદાર્થોનું ઉત્પાદન કરતી આ કંપનીમાં 300થી વધુ કામદારો કાર્યરત છે. ગામના અગ્રણી અને પૂર્વ તાલુકા



પંચાયત પ્રમુખ ભઈજીભાઈ પરમારે કંપની સામે જાહેર રસ્તા પર દબાણનો આક્ષેપ કરી અગાઉ આત્મવિલોપનની ચીમકી પણ આપી હતી. ઉચ્ચ કક્ષાએ રજૂઆત બાદ સંબંધિત વિભાગને કાર્યવાહી કરવાની સૂચના અપાઈ હતી. જોકે, રસ્તો આર એન્ડ બી વિભાગ હેઠળ આવતો હોવા છતાં દબાણ દૂર કરાયું નથી.

ભઈજીભાઈ પરમારે જણાવ્યું હતું કે, તેઓ લોકહિતમાં આ મુદ્દે રજૂઆત કરી રહ્યા છે. જિલ્લા વિકાસ અધિકારીના હુકમ બાદ આત્મવિલોપનનો વિચાર માંડી વાળ્યો હતો, પરંતુ અધિકારીઓ કાર્યવાહી કરતા નથી. કંપની રોજગાર આપે છે, પરંતુ સરકારી જગ્યા પર ગેરકાયદે દબાણ કરવું યોગ્ય નથી. સમયસર નિરાકરણ નહીં આવે તો આંદોલન થવાની શક્યતા છે.

ભરૂચ પોલીસે ત્રણ વર્ષથી નાસતો ફરતો લીસ્ટેડ આરોપી મહારાષ્ટ્રથી ઝડપાયો

(પ્રતિનિધિ) ભરૂચ, તા. 6

અંકલેશ્વર શહેર બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં વર્ષ 2023માં નોંધાયેલા પ્રોહિબિશનના ગુનામાં છેલ્લા ત્રણ વર્ષથી નાસતા ફરતા લીસ્ટેડ આરોપીને ભરૂચ પેરોલ ફર્લો સ્કવોડે મહારાષ્ટ્રના ભીવંડી ખાતેથી ઝડપી પાડ્યો છે.

ભરૂચ પેરોલ ફર્લો સ્કવોડના પોલીસ સબ ઇન્સ્પેક્ટર આર.એસ. ચાવડાની ટીમ દ્વારા જિલ્લામાં નોંધાયેલા ગુનાઓમાં વોન્ટેડ આરોપીઓને ઝડપી પાડવા પ્રયાસો હાથ ધરવામાં આવ્યા હતા. દરમિયાન મળેલી ચોક્કસ બાતમીના આધારે અંકલેશ્વર બી ડિવિઝનના પ્રોહિબિશન ગુનામાં સંડોવાયેલા એહમદ રજા મોહમદ અજહરૂદીન ચૌગુલેની ભીવંડી ખાતે તપાસ હાથ ધરવામાં આવી હતી.



મૂળ નિઝામપુરા, ભીવંડીનો રહેવાસી આરોપી હાલ બાલા કમ્પાઉન્ડ, મુન્ના શેઠની બિલ્ડિંગમાં રહેતો હોવાનું જાણવા મળ્યું હતું. જેના આધારે પેરોલ ફર્લો સ્કવોડની ટીમે ભીવંડીના નિઝામપુરા વિસ્તારમાં દરોડો પાડી તેને ઝડપી પાડ્યો હતો. ત્યારબાદ આરોપી સામે કાયદેસરની કાર્યવાહી કરી વધુ કાર્યવાહી માટે અંકલેશ્વર બી ડિવિઝન પોલીસને સોંપવામાં આવ્યો હતો.

પ્રમુખ સ્વામી મહારાજના પ્રાગટ્યસ્થાને દીપ પ્રાગટ્ય કરાયું

ચાણસદના નારાયણ સરોવર ખાતે ૮૭૦૦ દીવડાના ઝળહળાટ સાથે દિવાળી પર્વનો શુભારંભ

(પ્રતિનિધિ) પાદરા, તા.6

દિવાળીના પવિત્ર પર્વનો પ્રારંભ થતાં પાદરા તાલુકાના ચાણસદ ગામે આવેલા પ્રમુખ સ્વામી મહારાજના પ્રાગટ્યસ્થાન નારાયણ સરોવર પરિસરમાં ૮૭૦૦ દીવડાઓ પ્રગટાવી દિવાળી પર્વનો ભવ્ય શુભારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે પ્રમુખ સ્વામી મહારાજ સાથે ૪૦ વર્ષ સુધી અવિરત વિચરણમાં રહેલા સંસ્થાના સદ્ગુરુ સંત પૂજ્ય વિવેકસાગર સ્વામી સહિત સંતો, મહાનુભાવો, ભક્તો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

આજે રમા એકાદશીથી શરૂ થઈ લાભ પાંચમ સુધી ચાલનારા દસ દિવસીય દિવાળી પર્વના પ્રારંભ નિમિત્તે દીપ પ્રાગટ્યની પરંપરા



અનુસાર આ વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે આજથી ૮૭ વર્ષ પૂર્વે આજના જ દિવસે પરમ પૂજ્ય પ્રમુખ સ્વામી મહારાજે લાખો લોકોના જીવનમાં આશા, શ્રદ્ધા અને સંસ્કારના દીવડા પ્રગટાવવાના ઉમદા સંકલ્પ સાથે ગૃહત્યાગ કર્યો હતો. આ ઐતિહાસિક સ્મૃતિને ચિરંજીવ રાખવા ૮૭૦૦ દીવડાઓ પ્રગટાવી દિવાળી પર્વનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે નારાયણ સરોવર પરિસરની ઇમારતો, ઘુમટીઓ, વૃક્ષો, બગીચાઓ તેમજ સરોવરની ફરતે આવેલી પાષાણ જાળીની સંરક્ષણ દિવાલ પર હજારોની સંખ્યામાં વિદ્યુત દીપમાળાઓથી શણગાર કરવામાં આવ્યો હતો. દીવડાઓ અને રંગબેરંગી રોશનીનો ઝળહળાટ જ્યારે સરોવરના નિર્મળ જળમાં પ્રતિબિંબિત થતો હતો.

આંધ્રપ્રદેશ પ્રવાસન વિભાગ દ્વારા વિશ્વની ૧૩૦ ભાષાઓમાં અવિરત વાતચીત કરી શકે તેવું AI રજૂ કરાયું

એકતા નગરના 'ભારત પર્વ'માં આંધ્રપ્રદેશની NiVU AI વર્ચ્યુઅલ ગાઈડ બન્યું કુતૂહલનું કેન્દ્ર

પ્રવાસીના મૂડ, સમય અને રુચિને સમજીને આંગળીના ટેરવે બનાવી રહ્યુ છે સમગ્ર પ્રવાસ પ્લાન

(પ્રતિનિધિ) વડોદરા, તા.6

એકતાનગર ખાતે સરદાર વલ્લભભાઈ પટેલની વિરાટ પ્રતિમાના સાંનિધ્યમાં યોજાયેલા 'ભારત પર્વ'માં વિવિધ રાજ્યોની સંસ્કૃતિ, લોકનૃત્યો અને પરંપરાગત વ્યંજનો પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યાં છે. આ દરમિયાન આંધ્રપ્રદેશ ટુરિઝમના પેવેલિયનમાં રજૂ કરાયેલું આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ આધારિત 'AI NiVU' ખાસ



ચર્ચાનું કેન્દ્ર બન્યું છે. અહીં પ્રવાસીઓનું સ્વાગત કોઈ ગાઈડ નહીં, પરંતુ અત્યાધુનિક ડિજિટલ મિત્ર કરી રહ્યો છે.

પ્રવાસન ક્ષેત્રે ભાષાની મુશ્કેલી દૂર કરવા તૈયાર કરાયેલું આ AI પ્લેટફોર્મ ગુજરાતી, હિન્દી, તેલુગુ, તમિલ સહિત વિશ્વની 130 ભાષામાં વાતચીત કરી શકે છે. પ્રવાસીઓ પોતાની માતૃભાષામાં સવાલ પૂછી આંધ્રપ્રદેશનાં વિવિધ પ્રવાસન સ્થળો વિશે માહિતી મેળવી શકે છે. ગુજરાતી પ્રવાસીઓને ગુજરાતીમાં જ જવાબ મળતાં તેઓ આશ્ચર્ય અને આનંદ અનુભવી રહ્યા છે.

AI NiVU માત્ર સ્થળોની માહિતી જ નહીં, પરંતુ પ્રવાસીઓની પસંદગી, સમય અને બજેટને ધ્યાનમાં રાખીને સમગ્ર પ્રવાસનું આયોજન પણ કરી આપે છે. તિરુપતિ બાલાજીનાં દર્શન, વિશાખાપટ્ટનમના દરિયાકિનારા, કોફીના બગીચા કે બોર્રા ગુફાઓ સહિતનાં સ્થળોની મુલાકાત માટે માર્ગદર્શન આપે છે. કઈ ઋતુમાં કયું સ્થળ જોવાલાયક છે, ત્યાં કેવી રીતે પહોંચવું, સ્થાનિક વાનગીઓ ક્યાં માણવી અને બજેટ પ્રમાણે રોકાણની વ્યવસ્થા ક્યાં કરવી તેની માહિતી પણ આપે છે.

બાળકોથી લઈને વડીલો સુધીના પ્રવાસીઓ આ વર્ચ્યુઅલ ગાઈડ સાથે સંવાદ સાધીને નવી ટેક્નોલોજીનો અનુભવ કરી રહ્યા છે. 'અતિથિ દેવો ભવ'ની પરંપરાને આધુનિક ટેક્નોલોજી સાથે જોડતું આ પ્લેટફોર્મ પ્રવાસન ક્ષેત્રે ભાષાની દીવાલ દૂર કરી 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'ની ભાવનાને નવી દિશા આપી રહ્યું છે.

એકતાનગરના ફૂડકોર્ટમાં બંગાળના પરંપરાગત વ્યંજનોની રંગત

ભારત પર્વ-૨૦૨૬ : ભારત પર્વમાં પશ્ચિમ બંગાળની ઝાલમૂરીનો પ્રવાસીઓને ઓને લાગ્યો ચટાકેદાર ચટકો !

પશ્ચિમ બંગાળના શેફ સૌમિન સરકાર પોતાના હાથે બનાવી રહ્યા છે સ્વાદિષ્ટ ઝાલમૂરી

(પ્રતિનિધિ) વડોદરા, તા.૬

ભારતની ઓળખ માત્ર ભાષા, પહેરવેશ અને સંસ્કૃતિમાં જ નહીં, પરંતુ વિવિધ રાજ્યોની આગવી ખાણીપીણીમાં પણ જોવા મળે છે. ગુજરાતના ઢોકળા, પંજાબના છોલે-ભટૂરે અને રાજસ્થાનની દાલ-બાટીથી લઈને બંગાળની પરંપરાગત વાનગીઓ સુધીના સ્વાદની સફર એકતાનગર ખાતે યોજાઈ રહેલા 'ભારત પર્વ-2026'ના ફૂડકોર્ટમાં પ્રવાસીઓને



માણવા મળી રહી છે.

'શક્તિ ઓફ ભારત' થીમ આધારિત આ પર્વમાં પશ્ચિમ બંગાળની લોકપ્રિય સ્ટ્રીટ ફૂડ વાનગી 'ઝાલમૂરી' પ્રવાસીઓમાં ખાસ આકર્ષણ જમાવી રહી છે. બંગાળની ગલીઓમાં મળતી આ ચટાકેદાર વાનગીનો સ્વાદ ગુજરાતની ધરતી પર માણવા પ્રવાસીઓ ઉમટી રહ્યા છે. પશ્ચિમ બંગાળના શેફ સૌમિન સરકાર પોતાના હાથે તાજી ઝાલમૂરી તૈયાર કરીને પ્રવાસીઓને પીરસી રહ્યા છે. મમરા, વિવિધ મસાલા, શાકભાજી અને સ્વાદવર્ધક સામગ્રીના મિશ્રણથી તૈયાર થતી આ વાનગીનો ચટપટો સ્વાદ સૌને પસંદ પડી રહ્યો છે.

શેફ સૌમિન સરકારના જણાવ્યા મુજબ, ઝાલમૂરી બંગાળની અત્યંત લોકપ્રિય વાનગી છે, જેનો લોકો રોજિંદા નાસ્તા તરીકે આનંદ માણે છે. તેમાં વપરાતી વિવિધ સામગ્રીમાંથી પ્રોટીન અને કાર્બોહાઇડ્રેટ્સ જેવા પોષક તત્ત્વો પણ મળે છે.

તેમણે પ્રવાસીઓને ભારત પર્વની મુલાકાત લઈ વિવિધ રાજ્યોની વાનગીઓનો સ્વાદ માણવા અપીલ કરી છે. આમ, બંગાળની ઝાલમૂરીનો ચટાકો ગુજરાતમાં પ્રવાસીઓને બે રાજ્યોની સંસ્કૃતિ અને પરંપરાનો સ્વાદ કરાવી રહ્યો છે. ભારત પર્વ સાચા અર્થમાં 'વિવિધતામાં એકતા'ની ભાવનાને સ્વાદના માધ્યમથી જીવંત કરી રહ્યું છે.

કતલખાને જતી ગાયોને બચાવી શરૂ કરેલી ગૌશાળા આજે બની 'ભાદરવા ઔષધિય રસાયણ'નું કેન્દ્ર

વડોદરાના દંપતીની અનોખી ગૌસેવા: દોઢ મહિનાની શાસ્ત્રોક્ત વિધિથી તૈયાર કર્યું પિત્તનાશક 'ભાદરવા ઘી'

(પ્રતિનિધિ) વડોદરા, તા.૬

વડોદરામાં ૨૦૧૭થી કાર્યરત કામધેનુ સેવા સંવર્ધન ટ્રસ્ટ ગૌસેવા સાથે સાથે સમાજ કલ્યાણ અને ભારતીય સંસ્કૃતિના જતનનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડી રહી છે. વડોદરાના દંપતિ શ્રુતિ સિંહ અને મનોજ સિંહના માર્ગદર્શન હેઠળ આ ગૌશાળા સતત અવનવી પહેલો કરતી રહી છે જેનાથી ગૌમાતાની સેવા પણ થાય અને માનવ સમાજને સ્વાસ્થ્યવર્ધક લાભ પણ મળી શકે.

આ દંપતિ દ્વારા નવીન પ્રયાસોના ભાગ રૂપ શાસ્ત્રોક્ત વિધિઓ અનુસાર ઘી જેમને તેઓ 'ભાદર્વા ઔષધિય રસાયણ' નામ આપ્યું છે. તેને ગૌશાળાની ગાયોના દુધ દ્વારા વિશેષ વિધિ મુજબ તૈયાર કરે છે. જેને ખાસ મઘા નક્ષત્રના વરસાદી પાણીથી લઈને શરદ પૂનમની ચાંદની સુધીના આશરે દોઢ મહિનાના લાંબા અને ઝીણવટભર્યા પ્રોસેસ પછી આ ખાસ ઘી-રૂપી રસાયણ તૈયાર કરવામાં આવે છે.

શ્રીમતી શ્રુતિ સિંહએ આ 'ભાદર્વા ઔષધિય રસાયણ' વિશે જણાવ્યું કે, શાસ્ત્રોમાં જણાવ્યા મુજબ, મઘાનું પાણી, રોહિણીનો તાપ અને ભાદરવાનું ઘી વર્ષમાં માત્ર એક જ વાર પ્રાપ્ત થાય છે, જે માનવ શરીરના પિત્ત દોષનો નાશ કરી સમગ્ર વર્ષ દરમિયાન સ્વાસ્થ્યને ઉત્તમ રાખવામાં રામબાણ સાબિત થાય



છે. લોકોમાં આપણી પ્રાચીન ભારતીય સંસ્કૃતિ અને આયુર્વેદિક જ્ઞાનને પુનઃજીવિત કરવાના ઉદેશ્ય અને ગાયોના સંવર્ધન અને રક્ષાની સાથે-સાથે સમાજના દરેક વ્યક્તિ સુધી સ્વાસ્થ્યપ્રદ વસ્તુઓ પહોંચાડવા તેઓની સંસ્થા દ્વારા આ ઘી તૈયાર કરવામાં આવ્યું છે.

'સારો સમાજ અને સ્વસ્થ ભારત'ના નિર્માણના સંકલ્પ સાથે કામધેનુ ગૌશાળા આજે ગૌમાતા અને માનવજાત વચ્ચે એક અતૂટ સેતુ બનીને ઉભી છે. ત્રણ તરછોડાયેલી ગાયોને આશ્રય આપવા અને તેને કતલખાને જતી બચાવવાના ઉદ્દેશ્યથી શરૂ કરેલી તેઓની યાત્રા આજે ૫૨ ગાયો સુધી પહોચી છે.

આ ગૌશાળામા દુધ ન આપતી પાખળી ગાયો પણ છે. આ સાથે એવી ગાયો જેના માલીકે તરછોડી દીધી હોય, નંદીમહારાજ અને એવી ગાયો કે નંદી જેને કતલખાનેથી બચાવી હોય તેઓને કામધેનુ ગૌ સેવા ટ્રસ્ટ ખાતે આશ્રય આપવામાં આવે છે. આ ગાયોના લાલન પાલન માટે શ્રુતિ દવે અને મનોજ સિંહ ગૌમુત્ર, ગોબરનુ મુલ્યવર્ધન, 'ભાદર્વા ઔષધિય રસાયણ'-ઘી સહિત અવનવી ચિજ વસ્તુઓનું ઉત્પાદનોનું વેચાણ કરી ગૌશાળાની આર્થીક જરૂરિયાતો પુરી કરવાનો પ્રયાસ કરે છે.

એકતાનગરના ભારત પર્વમાં પ્રથમ ત્રણ દિવસમાં 25 હજારથી વધુ પ્રવાસીઓ ઉમટ્યા

(પ્રતિનિધિ) એકતાનગર, તા.6

એકતાનગર ખાતે સ્ટેચ્યૂ ઓફ યુનિટી પર ભારત સરકારના પ્રવાસન મંત્રાલય અને ગુજરાત પ્રવાસનના સંયુક્ત ઉપક્રમે 1થી 15 નવેમ્બર દરમિયાન 'ભારત પર્વ 2026'નું આયોજન કરાયું છે. 'એક ભારત શ્રેષ્ઠ ભારત'ની ભાવના સાથે યોજાઈ રહેલા આ મહોત્સવમાં પ્રથમ ત્રણ દિવસમાં 25 હજારથી વધુ પ્રવાસીઓએ મુલાકાત લીધી હતી.

મહોત્સવમાં વિવિધ રાજ્યોનાં પ્રવાસન પેવેલિયન, પરંપરાગત હસ્તકલા, હેન્ડલૂમ અને સાંસ્કૃતિક વારસાનું પ્રદર્શન કરવામાં આવ્યું છે. ઓડિશાની સંબલપુરી સાડી, આસામની મુગા સિલ્ક, કાશ્મીરની પશ્મિના શાલ અને ગુજરાતની પટોળા કલા પ્રવાસીઓમાં આકર્ષણનું કેન્દ્ર બની છે.

આ ઉપરાંત, વિવિધ રાજ્યોની પરંપરાગત વાનગીઓના 25 ફૂડ સ્ટોલ્સ અને લાઇવ કુકિંગ ડેમો યોજાઈ રહ્યા છે. દરરોજ સાંજે લોકનૃત્યો અને લોકસંગીતના કાર્યક્રમો પણ રજૂ થાય છે. દિવાળી વેકેશનને ધ્યાનમાં રાખીને 9 નવેમ્બરે સોમવારે પણ સ્ટેચ્યૂ ઓફ યુનિટી પ્રવાસીઓ માટે ખુલ્લું રહેશે. જોકે, આ દિવસે વ્યૂઈંગ ગેલેરી બંધ રહેશે. મહોત્સવ 15 નવેમ્બર સુધી યોજાશે.

જાહેર નોટીસ

અરજદારના વિ.વ.શ્રી. એસ.એ.વણકર

મે. ક્વાંટના પ્રિન્સીપાલ સીવીલ જજ અને જયુડી.મેજી.ફ.ક.સાહેબની કોર્ટમાં મુ.ક્વાંટ જી. છોટાઉદેપુર

પ. અ. નંબર.૧૯૪/૨૦૨૬ મુ.તા.૦૭/૧૨/૨૦૨૬

અરજદારઃ રાઠવા જેન્તીભાઈ મગનભાઈ મુળ રહે મુ. જુની નિશાળ ફળીયા મુ. નાની ટીંટોડ, તા. ક્વાંટ, જી.છોટાઉદેપુર. સામાવાળાઃ તલાટી કમ મંત્રી શ્રી ડુંગરગામ જુથ ગ્રામ પંચાયત, તા. ક્વાંટ, જી. છોટાઉદેપુર.

બાબતઃ જન્મ મરણ નોંધણી રમણિયમ-૧૯૬૯ ની કલમ ૧૩(૩) મુજબ મરણ ની નોંધણી કરાવવાર બાબત

આથી જાહેર નોટીશથી લાગતા- વળગતા તમામ ઇસમોને જણાવવામાં આવે છે કે, સદર અરજીમાં અરજદારના માતા નામે રાઠવા નોચરીબેન મગનભાઈ નો મરણ તારીખ ૦૬/૦૫/૨૦૨૬ ના રોજ થયેલ છે જેઓનો મરણ મોજે નાની ટીંટોડ પો. ડુંગરગામ તા. ક્વાંટ, જી. છોટાઉદેપુર ખાતે થયેલ, જેની નોંધણી જે તે સમયે સદતચુકથી તથા કાયદાની અજ્ઞાનતાના કારણે કરાવવાનો રહી ગયેલ છે. તેની નોંધણી કરાવવા અંગેની કોર્ટમાં અરજી કરેલ છે તો સદર ડુંગરગામ ની નોંધણી કરવા સામાવાળા ને હુકમ કરવા સામે કોઈપણ ઇસમને વાંધો કે તકરાર હોયતો અંગેની કોર્ટમાં નોટીસ પ્રસીધ્ધ થયેથી તા. ૦૬/૧૨/૨૦૨૬ ના રોજ વાંધો રજુ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.

આજ રોજ તા. ૦૬/૧૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા સીક્કો કરીને આપ્યો.આજ તારીખ ૧૩ ઓકટોબર સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

તૈયાર કરનાર (જુ.કે.જોષી) સીની.કલાર્ક

કોર્ટનો સિક્કો

મુકાબલ કરનાર હુકમથી. (એચ.સી.રાઠવા) રજીસ્ટ્રાર કમ નાઝરશ્રી, સીવીલ કોર્ટ, ક્વાંટ.